મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૩૧ ટકા
ગાંધીનગર તાપમાન

માણેકકાકાની જન્મજયંતિએ વિક્રમી રકતદાન

ગાંધીનગર અને કડી ખાતેના સંકુલોમાં કુલ ૧૩૭૩ યુનિટસ રકત એકત્રિત કરાયું વિદ્યાર્થીનીઓનો રકતદાન માટે અભૂતપૂર્વ ઉત્સાહ

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ સંચાલક સ્વ. માણેકલાલ એમ. પટેલની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર અને કડી ખાતેના સંકુલોમાં આયોજિત રકતદાન કેમ્પમાં વિદ્યાર્થીઓએ અભૂતપૂર્વ ઉત્સાહ દાખવતા કુલ ૧૩૭૩ યુનિટસ રકત એકત્રિત થવા પામ્યું હતું. ગાંધીનગરમાં સેકટર-૨૩ ખાતે ફાર્મસી કોલેજ સંકુલમાં સે-૧૨માં નર્સિંગ કોલેજ અને સેકટર-૧૫માં એલડીઆરપી કોલેજ કેમ્પસમાં યોજાયેલ રકતદાનમાં કુલ ૮૩૪ યુનિટસ તથા કડી મુકામે યોજાયેલ રકતદાનમાં કુલ ૫૩૯ યુનિટસ રકત એકત્રિત કરાયું હતું. ગાંધીનગર ખાતેના ત્રણેય કેમ્પસમાં રકતદાન માટે વિદ્યાર્થીનીઓનો ધસારો ઉડીને આંખે વળગે તેવો રહ્યો હતો.

સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિએ દર વર્ષે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા શ્રધ્ધાંજલિ સ્વરૂપે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આજે ફરી એકવાર ગાંધીનગર તથા કડી મુકામે સર્વ વિદ્યાલય સંલગ્ન સંકુલોમાં રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેએસવી સંલગ્ન તમામ કોલજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, પ્રાધ્યાપકો, સંસ્થાના હોદેદારો તેમજ અન્ય કર્મચારીઓ પણ આ મહારકતદાન શિબિરમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કાલુપુર કો-ઓપરેટીવ બેંકના સંયુકત ઉપકમે આયોજિત આ રકતદાન શિબિરના ઉદઘાટન પ્રસંગે કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કાલુપુર કો.ઓપ. બેંકના ડિરેકટર હસમુખભાઈ પટેલ, સેકેટરી-ટુ-બોર્ડ મહેન્દ્રભાઈ પટેલ, બેંકના બ્રાન્ચ મેનેજર હિતેશભાઈ પટેલ, કો-ઓર્ડીનેટર સી.એમ. શુકલા, કેએસવી યુનિ.ના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા સહિત કેએસવી સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય બાદ પ્રારંભ થયેલ રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓ સહિત વિદ્યાર્થીનીઓએ પણ મોટી સંખ્યામાં રકતદાન માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. શિબિર દરમિયાન વિના મૂલ્યે હિમોગ્લોબીન તપાસની સેવા પણ પુરી પાડવામાં આવી હતી. રકતદાતાઓને શુભેચ્છા ભેટ તથા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા.

વાતવાતમાં

● ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડેશન કાઉન્સિલ દ્વારા કવૉલિટી ઓફ એજયુકેશનના સંદર્ભમાં એવોર્ડ માટે પસંદ કરવામાં આવી છે. શુક્રવારે અમદાવાદમાં યુનિવર્સિટી કન્વેનશન હૉલ ખાતે યોજાનાર એજયુકેશન ફેરના ઉદઘાટન સમારંભમાં મુખ્યમંત્રીના હસ્તે કોલેજના આચાર્ય ડૉ કે.જી. છાયા આ એવોર્ડ સ્વીકારશે.

● વડોદરાના રીક્ષાચાલકના પુત્રની કિડનીની સારવાર માટે ગાંધીનગરના યુવાનોએ હાથ ધરેલ રકતદાનની હાકલના પગલે માત્ર ત્રણ જ દિવસમાં ૮૫ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. આ રકતદાતાઓમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિતના રકતદાતાઓનો સમાવેશ થાય છે.

● સેકટર-૬માં જે રીતે વાણિજય વિસ્તાર વિકસી રહ્યો છે ત્યારે અહીં પબ્લિક પાર્કિંગ સિસ્ટમ પણ અમલી બનાવવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે. પબ્લિક પાર્કિંગ સિસ્ટમ ઉપરાંત અહીં રખડતા પશુઓની હાલાકીમાંથી વસાહતીઓને મુકત કરવા સેકટરના યુવા અગ્રણી ગોપાલ સુખડિયાએ માંગ કરી છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ ગુરુવારે પંચાયતના શાખાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં વિભાગોની સંવર્ગવાર સિનીયોરિટી યાદી પ્રસિધ્ધ કરવાની કામગીરી પર ભાર મુકયો હતો.

● જિલ્લામાં ગુરુવારથી ૪.૫૦ લાખથી વધુ પશુઓને ખરવા મોવાસા વિરોધી રસીકરણનો આરંભ કરાયો છે. આ કાર્યમાં ૧૫૦થી વધુ વેટરનારી ડૉકટર્સ જોડાયા છે.

● જિલ્લા પંચાયતમાં ગુરુવારે તમાકુ વિરોધી ટીમે રેઈડ કરી હતી. આ રેઈડમાં જિલ્લા પંચાયતના કર્મચારીઓના ખિસ્સા પણ તપાસવામાં આવ્યા હતા.

ખાનગી સારવાર લેતાં ટી.બીના દર્દીઓને પણ વિનામૂલ્યે રીપોર્ટની સુવિધા અપાશે

ગાંધીનગર, તા.૧

ભારત સરકાર દ્વારા જિલ્લા ક્ષય કેન્દ્ર, સિવીલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે **CBNAAT** મશીન (**Gen Xpert)** ફાળવવામાં આવ્યું છે. આજે આ મશીનનું ઉદઘાટન જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈએ જણાવ્યુ હતું કે, ટી.બીનું પ્રમાણ ચિંતાજનક રીતે દેશમાં વધી રહ્યું છે. ત્યારે આ અદ્યતન મશીન ખૂબ જ ઉપયોગી બની રહેશે. તેમણે ક્ષયના જંતુની શોધ કરનાર જર્મની દેશના ડૉ. રોબર્ટ કોકને યાદ કર્યા હતા. તેમના જીવન અંગેની રસપ્રદ વાત કરી હતી. ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે વિશ્વવિભૂતીની તસ્વીર જોઈ આનંદ વ્યકત કર્યો હતો.

CBNAAT મશીનના ઉદઘાટન પ્રસંગે સ્વાગત પ્રવચનમાં જિલ્લા ક્ષય અધિકારી અને ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. એમ.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે, જીન એક્સપર્ટ મશીન છે. ગુજરાત રાજયના અનેક જિલ્લાની હોસ્પિટલમાં આ મશીનની સુવિધ ઉપલબ્ધ છે. અત્યાર સુધી આ પ્રકારના રીપોર્ટ મેળવવા માટે અમદાવાદ સીવિલ હોસ્પિટલ ખાતે રીપોર્ટ મોકલવા પડતા હતા. જે સુવિધા હવે, ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં રૂપિયા ૪૦ લાખની કિંમતનું જીન એક્સપર્ટ મશીન મળી જતાં જિલ્લા વાસીઓને બહાર જવું નહિ પડે.આ ઉપરાંત નાના બાળકો, એચઆઈવી પોઝીટીવ તથા ટીબીના એકસ્ટ્રા પલ્મોનરી દર્દીઓનું પણ નિદાન ઝડપથી બે જ કલાકમાં કરી શકાય છે.

અગાઉ આવા દર્દીઓને નિદાન માટે અમદાવાદ મોકલવવામાં આવતા હતા અને તેનો રિપોર્ટ અઠવાડિયે આવતો હતો પરંતુ હવે **CBNAAT** મશીન અત્રેના જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર ખાતે આવવાથી ટીબીના તથા એચઆઈવી પોઝીટીવ તથા ટીબીના એકસ્ટ્રા પલ્મોનરી દર્દીઓનું નિદાન કરવામાં ખૂબ જ ઝડપ અને સરળતા રહેશે.

ઘ-દોઢ પાસે બાઈકની ટકકરે પ્રૌઢાનું મૃત્યુ

સે-૨ના પ્રૌઢા સે-૩ સ્થિત મંદિરે દર્શન કરીને મોડી સાંજે ઘરે જવા રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે બાઈક ચાલકે અડફેટે લીધા : મૃત્યુ પામેલા પ્રૌઢાની ઓળખ બીજે દિવસે થઈ

ગાંધીનગર, તા.૧

શહેરના ઘ માર્ગ પરથી બાઈક લઈને ડબલ સવારી જઈ રહેલા બે યુવાનો ઘ દોઢ પાસે પહોંચ્યા ત્યારે સે-૨ના ૫૫ વર્ષીય પ્રૌઢા સે-૩ના મંદિરેથી દર્શન કરીને ઘર તરફ જવા રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે આ પ્રૌઢાને બાઈક ચાલકે ટકકર મારી દેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પ્રૌઢાનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલિસે બાઈકચાલક યુવાન સામે ગુનો દાખલ કરી મૃતક પ્રૌઢાની ઓળખ માટે તજવીજ શરુ કરી હતી. દરમિયાન બીજે દિવસે મૃતક પ્રૌઢાની ઓળખ થતા જાણવા મળ્યું કે સે-૨માં રહેતા એક નિવૃત્ત ડીવાયએસઓના પત્નિ હતાં.

મળતી માહિતી મુજબ ગઈ મોડી સાંજે સે-૭ પોલિસ મથકે ફોન આવ્યો કે ઘ-દોઢ પાસે રોડ ઉપર એકિસડન્ટ થયો છે. ઘ રોડ પર જતા જીજે ૧૮ સીએસ ૯૯૫૦ નંબરના સ્પ્લેન્ડર બાઈકે એક પ્રૌઢાને ટકકર મારતા પ્રૌઢાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. પીએસઆઈ એસ.ડી. ચૌધરી તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા અને જોયું તો પ્રૌઢા મોતને ભેટયા હતા જયારે બાઈક લઈને નીકળેલા સરગાસણ ગામના બે મિત્રો પણ અકસ્માત બાદ ઘાયલ થયા હતા. પ્રૌઢાનો મૃતદેહ પી.એમ. માટે મોકલી તેમની ઓળખ માટે પોલિસે કવાયત કરી પરંતુ આસપાસમાં કોઈ તેમને જાણતું ન હતું. તેમની પાસેથી એવું પણ કાંઈ મળ્યું ન હતું જેનાથી તેમની ઓળખ થાય. પોલિસે નજીકના મકાનોમાં તપાસ કરી પણ કયાંયથી કોઈ કડી ન મળી. રાતભર પોલિસે પ્રૌઢાની ઓળખ માટે દોડધામ કરી...! આજે બપોરે મૃતક પ્રૌઢાના પરિવારના સભ્યો તેમને શોધતા શોધતા ઘ-દોઢ પહોંચ્યા અને હાઈટેક હોસ્પિટલ બહારના ગલ્લે વાત કરી...! ગલ્લા પરથી જાણવા મળ્યું કે ગઈ સાંજે એક અકસ્માત થયો હતો તેમાં એક પ્રૌઢા ગુજરી ગયા હતા. પોલિસ તેમની ઓળખ માટે ફરતી હતી. આ વાત સાંભળીને પરિવારના સભ્યો પોલિસ સ્ટેશન પહોંચ્યા અને ફોટો જોયો તો ખબર પડી કે પરિવારના સભ્યો જેને ગઈ સાંજથી શોધી રહ્યા છે તે મૃત્યુ પામી ચુકયા છે...! સે-૨-સી પ્લોટ નં. ૯૦૧/૧ ખાતે રહેતા નિવૃત્ત ડીવાયએસઓ બળદેવભાઈ મકવાણાના ૫૫ વર્ષિય પત્નિ જશોદાબેન મકવાણા આ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ પોલિસને મૃતકના પરિવારના સભ્યો પાસેથી જાણવા મળ્યું કે જશોદાબેન ગઈ સાંજે ઘરેથી સે-૩ વગડાવાળી માતાજીના મંદિરે ગયા હતા. ત્યાંથી મોડી સાંજ સુધી પરત ન ફરતા પરિવારજનોએ રાતથી શોધખોળ શરુ કરી હતી. સે-૭ પોલિસે સ્પ્લેન્ડર બાઈક ચાલક અમિત રાજેન્દ્રભાઈ પ્રજાપતિ સામે ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરુ કરી છે.

યુવા ફાયરકર્મીઓએ દુર્લભ યલો પિજીયનને નવજીવન બક્ષ્યું

સે-૫માં વડના ઝાડ પરની ચાઈનીઝ દોરીમાં ફસાયેલ જંગલી કબૂતરને બચાવાયું વૃક્ષો અને વીજ થાંભલાઓ પર હજુ લટકતી દોરીઓ પક્ષીઓ માટે જોખમરૂપ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ફાયરબ્રિગેડના બે યુવા ફાયરમેનોએ આજે સેકટર-૫ ખાતે વડના ઝાડ પર ચાઈનીઝ દોરીના કારણે ફસાયેલા અતિદુર્લભ એવા યલો પિજીયન એટલે કે જંગલી કબૂતરને બચાવ્યું હતું. આ કબૂતરને આ યુવા ફાયરકર્મીઓએ પ્રાથમિક સારવાર આપી સ્વસ્થતા બક્ષી હતી.

સેકટર-૫ના એક વડના ઝાડ પર કબૂતરને ફસાયેલું જોતા કેટલાક જાગૃત નાગરિકોએ ફાયર સ્ટેશને જાણ કરી હતી. આ કૉલના આધારે કબૂતરનો બચાવ કરવા પહોંચેલા ફાયરમેન દેવશી પટેલ તથા તેમના સાથી કર્મીએ ઝાડ પર પહોંચી કબૂતરને ઝાડ પરની ચાઈનીઝ દોરીના ગુંચડામાંથી મુકત કરી નીચે ઉતાર્યું હતું. આ કબૂતર દુર્લભ કહેવાય એવું યલો પિજીયન હતું. જેના શરીરે ચાઈનીઝ દોરી વીંટળાઈ જવા પામી હતી જેના કારણે ઘાયલ થવા પામ્યું હતું. આ બંને યુવા ફાયરકર્મીઓએ સાચવીને કબૂતરના શરીરની આસપાસ વીંટળાયેલી દોરી દૂર કરી હતી. ત્યારબાદ કબૂતર ઘાયલ હોવાથી તેમની પાસેના તાજેતરની ઉત્તરાયણ સમયના મેસેજીસમાં પ્રાપ્ય જીવદયા હેલ્પલાઈન નંબર પર સંપર્ક સાધવા કોશિષ કરી હતી. જો કે આ હેલ્પલાઈન અમદાવાદની નીકળતા તેમને કોઈ મદદ મળી શકી નહોતી તેથી તેમણે ગાંધીનગરના પ્રકૃતિ અને વન્યજીવ પ્રેમી અમિત ગૌંડનો સંપર્ક સાધ્યો હતો અને તેને કબૂતરના ફોટા મોકલી આપ્યા હતા. આ ફોટાને આધારે અમિત ગૌડે કબૂતરની ઈજા સામાન્ય હોવાનું જણાવી તેને હળદરનો લેપ લગાડી થોડો સમય છુટા મુકી દેવા સૂચવ્યું હતું. બંને ફાયરકર્મીઓએ આ મુજબ કબૂતરના ઘાવ પર હળદરનો લેપ લગાડી સુરક્ષિત સ્થળે છુટું મુકી દીધું હતું. જે થોડા સમય પછી સ્વસ્થ થતા પોતાની મેળે આકાશમાં ઉડી ગયું હતું. આમ બે યુવા ફાયરકર્મીઓની સમયસૂચકતાને કારણે દુર્લભ એવા યલો પિજીયનનો જીવ બચતાં શહેરના પક્ષી પ્રેમીઓમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

શનિવારે ઉમા આર્ટસ કોલેજમાં ગુર્જર ભારતી દ્વારા કાવ્ય ગોષ્ઠિ

ગાંધીનગર, તા.૧

શ્રી ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ-કડી કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર ખાતે ગુર્જર ભારતી, ગાંધીનગર દ્વારા હિન્દી-ગુજરાતી કવિઓની કાવ્ય ગોષ્ઠિનું આયોજન ત્રીજી ફેબ્રુઆરીને શનિવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

આ કાવ્ય ગોષ્ઠિમાં હિન્દિના પ્રસિધ્ધ કવિ ડૉ. આલોક ગુપ્તા, સુલતાન અહમદ, પ્રમોદ તિવારી, ઈશ્વરસિંહ ચૌહાણ, અમ્મરખાન પઠાણ, કુમાર મંગલમ, સંતોષ અર્ષ, કવિ રત્નમ અને પૂર્ણિમા કુમારી તેમજ ગુજરાતીના પ્રસિધ્ધ કવિ હરિકૃષ્ણ પાઠક, હર્ષદ ત્રિવેદી, બિન્દુ ભટ્ટ, દલપત ચૌહાણ, કિશોર જીકાદરા પોતાની રચનાઓનું પઠન કરશે તેમ ગુર્જર ભારતી-ગાંધીનગરના મંત્રી ડૉ. ઈશ્વરસિંહ ચૌહાણે જણાવ્યું છે.

કિશોરીને આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં બે આરોપીઓને દસ વર્ષની કેદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામમાં કિશોરીને આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે બે આરોપીઓને દસ વર્ષની કેદ ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગતો મુજબ ગાંધીનગર જિલ્લાના દશેલા ગામમાં રહેતી ૧૭ વર્શીય કિશોરીને આરોપી મોહન ધુળાજી ઠાકોર તેમજ મનુ ધુળાજી ઠાકોર વારંવાર ઉપાડી જવાની ધમકી આપતા હતા. જેના લીધે ડરી ગયેલ કિશોરીએ તા. ૧૫-૧-૨૦૧૫ના રોજ પોતાના ઘરે પોતાના શરીર પર કેરોસીન છાંટી સળગી ગઈ હતી જયારે અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કિશોરીનું મોત નિપજયું હતું. આ બનાવ સંદર્ભે પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે રીતેશ વ્યાસે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે, મૃત્યુ પામનાર કિશોરી અનુસૂચિત જાતિની અને તેના પિતાનુ મોટું સંતાન હતી. જયારે મૃત કિશોરીના માતા પિતા પણ પછાત અને ગરીબ વર્ગના છે. આરોપીઓના આ ગંભીર ગુના બદલ તેમને યોગ્ય સજા થવી જોઈએ. સરકારી વકીલની દલીલો અને ડોકટર તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લઈ એટ્રોસીટી કોર્ટના જજ સારંગાબેન વ્યાસે બંને આરોપીઓને દસ વર્ષની કેદ તેમજ રૂ. ૫૦૦૦નો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

સે-૪ના બગીચામાંથી અસામાજિક તત્વોને હટાવવા માંગ

સેકટર-૪ના બગીચાના રીપેરીંગ માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ બગીચાની ફેન્સીંગ કે દિવાલ વ્યવસ્થિત ન હોવાથી ઢોરઢાંખર તેમજ અસામાજિક તત્વો બગીચાને નુકશાન પહોંચાડે છે. ઢોરઢાંખરને બગીચામાં ચરાવવાની પેરવી કરાય છે. પાટનગર યોજના વિભાગના અધિકારીઓ જાહેર હિતમાં આવા અસામાજિક તત્વોને હટાવવા તેમજ બગીચાને નુકશાન થતું અટકાવવા દિવાલો ઉંચી કરે તેવી સેકટર-૪ના વસાહતીઓની માંગણી છે જેની મ્યુનિસિપલ કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ ઉગ્ર રજુઆત કરેલ છે.

કુટીર અને ગ્રામોદ્યોગ-લઘુ ઉદ્યોગ અંગેનો સ્વરોજગાર માર્ગદર્શન સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૧

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અનુસુચિત જાતિ કલ્યાણ કચેરી, રોજગાર વિનિમય કચેરી અને દેના લીડ બેંક ના સંયુકત ઉપકમે સ્વરોજગાર ઉપલબ્ધ કરાવવા કુટીર અને માઈકો સ્મોલ અને મિડીયમ ઉદ્યોગો સ્થાપવા શરુ કરવા અરજદારોને પ્રોત્સાહિત અને માર્ગદર્શન આપવાના સરકારના અભિગમના ભાગરુપે ગત્ તા.૩૧ જાન્યુઆરીને બુધવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ડો. બાબા સાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે સેમીનાર નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે બુધવારના રોજ યોજાયેલ સ્વરોજગાર સેમીનારમાં પ્રોજેકટ મેનેજર કમ ટેકનીકલ ઓફિસર આર.પી.સુતરીયાએ સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. જયારે જરુરીયાત અને હેતુની સમજણ આપતુ પ્રાસંગિક પ્રવચન જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર આર.એન. રાવલે કર્યું હતું. આ પ્રસંગે હાજર રહેલા મહાનુભાવ એચ.એમ.જાડેજા, ગાંધીનગર સંયુકત કમિશનર ઉદ્યોગ એમએસએમઈ આર.આઈ. ચાવડા, લીડ ડીસ્ટ્રીકટ મેનેજર એ.એમ. જેતાવત, તેમજ જિલ્લા રોજગાર અધિકારી વી.એસ. પાંડોર, જી.જે. ચૌહાણ, બેંક ઓફ બરોડા સ્વરોજગાર સંસ્થાના રૂપાલ ઉપસ્થિત રહી યોજનાઓનું ઉત્તમ માર્ગદર્શન અને માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે આભારવિધી સંગીતાબેન પી. શુકલ ઉદ્યોગ અધિકારી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ હતું. આ માર્ગદર્શનમાં સેમીનારમાં હાજર યુવાવર્ગમાં તમામને ઉત્તમ માહિતી અને સમજણ મળવાથી આનંદની લાગણી અનુભવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.કે. રાજન સુપ્રિટેન્ડન્ટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મેડીકલ કોલેજના કેમ્પસમાં બે દિવસીય સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વચ્છ ભારત અભિયાન ચલાવી રહ્યા છે ત્યારે દરેક જાહેર તેમજ ખાનગી સ્થળો પર સફાઈ કરવામાં આવી રહી છે. તંત્રના અધિકારીઓ પણ સ્વચ્છતાને લઈ વિશેષ ધ્યાન રાખી રહ્યા છે ત્યારે ગાંધીનગરની મેડીકલ કોલેજ કેમ્પસ ખાતે કાર્યરત રવિ એજન્સી દ્વારા કોલેજ કેમ્પસ ખાતે બે દિવસીય સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં આજે પ્રથમ દિવસે પીએમની સામેની બાજુમાં રહેલી ગંદકીને તેમજ ઝાડી-ઝાંખરાને દુર કરી જગ્યા ચોખ્ખી કરી દેવામાં આવી હતી. જેથી આગામી સમયમાં આ જગ્યા પાર્કીંગ તેમજ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને રમવા માટે પણ ઉપયોગી થઈ શકે છે. જયારે શુક્રવારના રોજ મેડીકલ કોલેજ કેમ્પસ, તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલ તેમજ મેડીકલ કોલેજનો ઓડીટોરીયલ હોલ તેમજ તેની આસપાસ રહેલી તમામ ગંદકીના ઢગ દુર કરીને સ્વચ્છ કરી દેવાશે તેમ ખાનગી એજન્સીના સુપરવાઈઝર કપિલભાઈએ જણાવ્યું હતું. સામાન્ય દિવસોમાં સફાઈ કોલેજ કેમ્પસની નિયમિત સફાઈ તો થાય છે તે ઉપરાંત આસપાસના વિસ્તારમાં જે પણ કોઈ ગંદકી દેખાશે તેને આ સફાઈ ઝુબેંશ થકી દુર કરી દેવાશે અને મેડીકલ કોલેજ કેમ્પસને ચોખ્ખુ ચણક કરી દેવાશે. જયારે શુક્રવારના રોજ મેડીકલ કોલેજ, તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલની લોબી, ધાબા, ગેલેરી, સહિત આસપાસની જગ્યા તે ઉપરાંત કોલેજ ઓડીટોરીયમની અંદર તેમજ બહારની જગ્યાએ પાર્કીંગ સહિતના સ્થળો પર જયાં ગંદકી કે કચરો નજર આવશે ત્યાં સફાઈ કરી સ્વચ્છ કરી દેવામાં આવશે.

ચિરવિદાય

● સ્વ. ત્રિવેદી વાસુદેવભાઈ ગટુભાઈ, ઉ.વ. ૫૨
● સ્વ. મહેન્દ્રભાઈ દ્વારકાદાસ પટેલ, ઉ.વ. ૪૭
● સ્વ. ઠાકોર સજનબેન બાબુજી, ઉ.વ. ૩૯
● સ્વ. હેમીબેન રણછોડજી ખાંટ, ઉ.વ. ૧૦૧
● સ્વ. વાઘેલા પૃથ્વીસિંહ દલપતસિંહ, ઉ.વ. ૫૩
● સ્વ. નરેશભાઈ મગનભાઈ પુરબીયા, ઉ.વ. ૪૦
● સ્વ. મહેશચંદ્ર ઉત્તમરાય રાવલ, ઉ.વ. ૮૧